ગાંધીનગર સમાચાર

સિવિલમાં ૪,૧૫,૫૧૮ દર્દીઓએ ઓપીડીનો લાભ લીધો

વર્ષ ૨૦૧૬ દરમિયાન ઈન્ડોર પેશન્ટ તરીકે ૪૩,૬૭૯ દર્દીઓએ સારવાર કરાવી

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત રાજયના પાટનગરમાં આવેલ અત્યંત આધુનિક હોસ્પિટલમાં રોજના હજારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ગાંધીનગર તેમજ આસપાસના જિલ્લાના દર્દીઓ માટે પણ આ હોસ્પિટલ આશિર્વાદરૂપ બની છે ત્યારે વર્ષ-૨૦૧૬ દરમ્યાન હોસ્પિટલ ઓપીડીમાં કુલ ૪,૧૫,૫૧૮ દર્દીઓએ લાભ લીધો છે. જયારે હોસ્પિટલમાં ઈન્ડોર પેશન્ટ તરીકે કુલ ૪૩,૬૭૯ દર્દીઓએ વિવિધ રોગની સારવાર કરાવી છે. જયારે ૪૮૯૮ નવજાત શિશુઓએ હોસ્પિટલમાં જન્મ લીધો છે. જેમાં ૨૫૫૩ છોકરાઓ અને ૨૩૪૫ છોકરીઓનો સમાવેશ થાય છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલને હાઈટેક લુક આપવામાં આવ્યો છે. આ કોર્પોરેટ જેવી લાગતી હોસ્પિટલ સંકુલ નિર્માણ પાછળ સરકાર દ્વારા કરોડો રૂપીયાનો ખર્ચે કરવામાં આવ્યો છે. ખાનગી હોસ્પિટલ જેવી સારવાર સરકારી હોસ્પિટલમાં પુરી પાડવામાં આરોગ્ય વિભાગ સફળ રહ્યું છે. ત્યારે શહેરની હોસ્પિટલમાં વિવિધ રોગના હજારો દર્દીઓ સારવાર માટે આવતા હોય છે. હોસ્પિટલમાં દર્દીઓને મળતી માળખાકીય સુવિધામાં પણ વધારો થવા પામ્યો છે. ત્યારે ગાંધીનગર તેમજ આસપાસના વિસ્તારના નાગરીકો માટે આ

હોસ્પિટલ આશિર્વાદ સમાન બની છે. વિવિધ વિભાગોની ઓપીડી રોજ દર્દીઓથી ઉભરાય છે. ઓપીડી વિભાગમાં દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે. તેવી જ સ્થિતિ ઈન્ડોર વિભાગની છે જેમાં તમામ વિભાગોમાં રહેલા બેડ દર્દીઓથી ભરેલા હોય છે. ૬૦૦ બેડની હોસ્પિટલમાં ઈન્ડોર દર્દીઓનો ધસારો પણ સારા પ્રમાણમાં રહેતો હોય છે. ત્યારે વર્ષ-૨૦૧૬માં નવેમ્બર માસ સુધીમાં વિવિધ વિભાગમાં કુલ-૪૩૬૭૯ દર્દીઓએ સારવારનો લાભ લીધો છે. જયારે મેડીસીન, આઈ, ડેન્ટલ, સર્જરી, ઓર્થોપેડીક, સ્કીન સહિતના વિભાગોમાં વર્ષ દરમિયાન કુલ-૪,૧૫,૫૧૮ ઓપીડી સારવારનો લાભ મેળવ્યો છે. જયારે ગાંધીનગર હોસ્પિટલમાં ૪૮૯૮ નવજાત બાળકોએ જન્મ લીધો છે. જેમાં ૨૫૫૩ છોકરા અને ૨૩૪૫ છોકરીઓનો સમાવેશ થાય છે. આમ રાજયના પાટનગરની હોસ્પિટલ નાગરીકો માટે લાભદાયી બનવા પામી છે.

@ગાંધીનગર

- ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત અદૃશ્યમ નાટક રાત્રે ૯.૪૫ કલાકે સે-૧૭ ટાઉનહોલ ખાતે યોજાશે.
- જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા પ્લોટ નં. ૧૦૧૨/૧ સે-૪-એ ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે.
- વિશ્વકર્મા સેવા સમાજની બેઠક વિશ્વકર્મા મંદિર હોલ ખાતે સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન યોજાશે.
- સે-૩-ડી હરસિધ્ધી સિધ્ધી પીઠ આયોજીત શ્રીમદ્ ભાગવત કથામાં ભરત ચિત્ર કથા બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.
- ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ માયનોરીટી ડિપાર્ટમેન્ટનો ગેટ ટુ ગેધર કાર્યક્રમ બપોરે ૩ કલાકે સે-૨૨ કાર્યાલય ખાતે યોજાશે.
- વંદે માતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો કમળાબેન ઠક્કર પ્લોટ નં. ૫૬ ચ-ટાઈપ સે-૨૮ ખાતે સમય બપોરે ૩ થી ૬ કલાક દરમિયાન યોજાશે.
- ભાજપ પ્રદેશ કાર્યાલય 'કમલમ' ખાતે સરપંચ અભિવાદન સમારોહ બપોરે ૧.૩૦ કલાકે યોજાશે.

જે.એમ. ચૌધરી શાળા ખાતે વાર્ષિક રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલય ખાતે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની શરૂઆત પ્રાર્થનાથી તથા રમતોનું જીવનમાં મહત્વ વિશેની જાણકારી ચૌધરી અંજનાબેન તેમજ આચાર્યએ આપી હતી. વિદ્યાર્થીઓ પાસે પ્રતિજ્ઞા લેવડાવી રમતોનો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં દોડ, લાંબી કૂદ, સ્લો સાયકલ, ગોળા ફેંક, ચોકલેટ લૂંટ, બકેટબોલ, બેલેન્સીંગ રેસ જેવી અનેક રમતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં શાળાના મંત્રી શંકરભાઈ ચૌધરીએ મહેમાન તરીકે ઉપસ્થિત રહી શાળાની શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના પી.ટી. ટીચર અંજનાબેન ચૌધરી, ભાવનાબેન ચૌધરી તેમજ હંસાબેન ચૌધરીએ કર્યું હતું. આ સમગ્ર કાર્યક્રમ શાળાના આચાર્ય મીનાબેન ચૌધરીની રાહબરી હેઠળ યોજાયો હતો.

રક્ષા શકિત સર્કલ પાસે શ્રમજીવી બાળકોને કચરીયાનું વિતરણ

ગાંધીનગર શહેર નજીક કુડાસણ વિસ્તારમાં આવેલ વૃન્દાવન સોસાયટીમાં વસવાટ કરતા આશાબેન કે. જાડેજા અને મીનાબેન પટેલે ધોળાકુવા રક્ષા શકિત સર્કલ પાસે રહેતા શ્રમજીવી પરિવારના બાળકોને શિયાળાની કડકડતી ઠંડીમાં કચરીયાનું વિતરણ કર્યું હતું. સ્વાદિષ્ટ અને પોષણયુકત કચરીયું મળતા બાળકો અને વાલીઓ આનંદિત થઈ ગયા હતા. જયારે સરગાસણ ખાતે રહેતા અન્ય એક સેવાભાવી નાગરિક આર.સી. પરમારે દિકરીના જન્મદિન નિમિત્તે ચોકલેટ, પાર્લેજી બિસ્કીટ જયારે કૃષ્ણ ગોપાલભાઈએ સ્લેટ અને પેનની ૩૦ કીટ આપી હતી. આ સર્વે સેવાભાવી નાગરિકોનો શ્રમજીવી પરિવારના બાલમિત્ર પ્રફુલ્લાબેન ભાવસાર આભાર વ્યકત કર્યો હતો.

'પેટમાં શું દુ:ખે છે?' આજે ફિકસ પગારદારો સરકારને બતાવશે...!

ગાંધીનગરમાં આજે જન આક્રોશ મહાસંમેલન : પોલીસનો ચાંપતો બંદોબસ્ત

ગાંધીનગર, તા.૩૧

ફિકસ પગારદારોને પેટમાં શું દુ:ખે છે? રાજયના મુખ્યમંત્રીના નિવેદનથી ફિકસ પગારદારોનો રોષ ભભુકયો છે. ગુજરાત જન અધિકાર મંચના પ્રદેશ પ્રમુખ પ્રવિણ રામે પત્રકાર પરિષદ યોજીને જણાવ્યું હતું કે ૧લી જાન્યુઆરીએ ગાંધીનગર આવીને અમે બતાવીશું કે 'ફિકસ પગારદારોને પેટમાં શું દુ:ખે છે?' અલ્પેશ ઠાકોર, જીજ્ઞેશ મેવાણી, એસપીજી અને પાસ ઉપરાંત અનેક સામાજીક સંગઠનો ૧લી જાન્યુઆરીએ આવતી કાલે બપોરે એક વાગે પાટનગર ગાંધીનગરમાં યોજાનાર જન કોશ મહાસંમેલનમાં સમર્થન આપશે. ૫ હજારથી વધુ કર્મચારીઓ મહાસંમેલનમાં જોડાય તેવી શકયતા છે. જેને પગલે ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.

કોલવડા રાયોટીંગ પ્રકરણે વોર્ડ નં. ૮ના વિજેતા સહિત ચાર સેન્ટ્રલ જેલ હવાલે

ગાંધીનગર, તા.૩૧

ગ્રામ પંચાયત ચુંટણીના દિવસે મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બીજા દિવસે સવારે કોલવડા ગામમાં એક ટેકેદારને લાફો ઝીંકી દેવા બાબતે લોખંડની પાઈપો લઈને બે જુથો સામ સામે આવી ગયા હતા. રાયોટીંગ અને લુંટ-ધાડનો ગુનો સામ સામે પેથાપુર પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામ્યો હતો. પેથાપુર પોલીસે આરોપીઓ પૈકી ચાર શખ્સોની ધરપકડ કરી લીધી છે. વોર્ડ નં. ૮ના વિજેતા ઉમેદવાર સહિત ચારની ધરપકડ કરી સેન્ટ્રલ જેલ હવાલે કરી દેવામાં આવ્યા છે.

કોલવડા ગામમાં ચુંટણી પુર્ણ થયા બાદ બીજા દિવસે સવારે ધમાલ થવા પામી હતી. વિપુલ દેસાઈને એક ઉમેદવારના માણસોએ મળીને લાફો ઝીંકી દીધો અને કહ્યું કે તું ચુંટણી વખતે એ લોકોની સાથે કેમ હતો? ટેકેદારને લાફો માર્યો હોવાની વાતથી માહોલ ઉગ્ર બન્યો હતો અને બંને જુથો લોખંડની પાઈપો લઈને આવી ગયા હતા અને ધમાલ મચાવી મુકી હતી. આ ઘટનામાં ચાર ઘાયલોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પેથાપુર પોલીસે બંને પક્ષે ક્રોસ ફરિયાદ લઈ લુંટ, ધાડ, રાયોટીંગનો ગુનો દાખલ કરી તપાસ આરંભી હતી. આ ગુના સંદર્ભે પેથાપુર પીએસઆઈ એમ.એસ. ચૌધરીએ ચાર શખ્સોની ધરપકડ કરી લીધી છે. જેમાં વોર્ડ નં. ૮ના વિજેતા ઉમેદવાર રમણસિંહ છત્રસિંહ વાઘેલા, સંજયસિંહ રમણસિંહ વાઘેલા તથા વિજય ઉર્ફે વિપુલ નારણ દેસાઈ અને મહોબતસિંહ ભરતસિંહ વાઘેલાની ધરપકડ કરી ચારેયને કોર્ટ જયુડીશીયલ કસ્ટડીમાં સેન્ટ્રલ જેલ હવાલે ધકેલી દેવામાં આવ્યા છે. અન્ય ફરાર આરોપીની શોધખોળ ચાલી રહી છે.

એમ.બી. પટેલની વિદ્યાર્થીનીઓ 'છગનભા રમતોત્સવ'માં ઝળકી

ગાંધીનગર, તા.૩૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ સ્કુલની વિદ્યાર્થીનીઓએ ૨૪મી ડિસેમ્બર ૨૦૧૬ના રોજ કડી ખાતે યોજાયેલ 'છગનભા' રમતોત્સવમાં વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો જેમાં ૧૦૦ મી. દોડમાં ભાભોર પીનલ પ્રથમ નંબરે, ગોળા ફેંકમાં ચુડાસમા દેવાંશી બીજા નંબરે બેડમિન્ટમાં રબારી બીનલ ત્રીજા નંબરે વિજેતા બનેલ છે તથા કબડ્ડીની ટીમે બીજો નંબર પ્રાપ્ત કરી સિલ્વર મેડળ મેળવ્યો છે. સર્વે વિદ્યાર્થીનીઓને વ્યાયામ શિક્ષક શ્રી દક્ષાબેને માર્ગદર્શન આપ્યું હતું. શાળાના આચાર્યા નીરૂબેન પટેલે સર્વેને અભિનંદન પાઠવ્યા હતા.

ડીજીટલ ઈન્ડિયામાં એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલની આગવી પહેલ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલમાં વેબસાઈટ દ્વારા કેશલેસ પેમેન્ટ કરવા સ્કૂલ ફી ભરવાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓના વાલીઓ મોબાઈલ એપ અને સ્કૂલ વેબસાઈટથી ઘરે બેઠા બેઠા જ પોતાના બાળકની સ્કૂલ ફી ભરી શકશે. જે ડીજીટલ ઈન્ડિયામાં એસ.જી. ઈંગ્લિશ મિડીયમ પ્રાઈમરી સ્કૂલની આગવી પહેલ છે.

નૂતન વર્ષમાં વાલીઓ અને વિદ્યાર્થીઓ સમયનો યોગ્ય ઉપયોગ કરી શકે. નોકરિયાત વર્ગને કે ધંધાદારી વાલીઓને શાળામાં આવવાની કે નિયત સમયમાં સ્કૂલમાં આવવાની અગવડ પડતી હોય છે અત્યારે સમગ્ર ભારત વર્ષ ડીજીટલ પેમેન્ટ તરફ, કેશલેસ પેમેન્ટ તરફ વધી રહ્યું છે ત્યારે ગુજરાતમાં સૌ પ્રથમ એસ.જી.સ્કૂલ પરિવારે કેશલેસ પેમેન્ટની શરૂઆત કરી છે જે આજના યુગની માંગ છે.

સમગ્ર કેશલેસ પેમેન્ટની શાળામાં વ્યવસ્થા કરવા માટે સંસ્થા પરિવારમાં આચાર્યા મિલિસિંહ તેમજ શિક્ષક રાજ કછોટે તેમજ શિક્ષક ગણે તેમજ કલાર્કની સરાહનીય કામગીરી કરી છે. શાળા પરિવારે વર્ષ ૨૦૧૭ના નૂતન વર્ષની પણ સૌ સ્વજનોને શુભેચ્છા પાઠવી છે.

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે વ્યાવસાયિક માર્ગદર્શન સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૩૧

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા ખાતે તાજેતરમાં ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓને વ્યવસાયિક માર્ગદર્શન મળી રહે તેવા ઉમદા હેતુથી સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કડી સર્વ વિશ્વ વિદ્યાલયના વી.પી.પી.એમ. પોલિટેકનિક કોલેજના લેકચરર દ્વારા કારકિર્દી વર્ષ તેમજ ઉજ્જવળ ભવિષ્ય માટે ધો-૧૦, ૧૨ પછીના વ્યવસાયિક વિશે ખૂબ ઉંડાણપૂર્વક અને રસપ્રદ માહિતી આપી હતી. ઈજનેર કક્ષાએ જુદા જુદા કોર્ષ વિશે માહિતી આપી હતી. વિદ્યાર્થીઓને તેમને મળતા લાભ વિશે ઉંડાણપૂર્વક માહિતી આપવામાં આવી હતી. ત્યારબાદ રોબોટ મોડેલનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

શાળાના આચાર્યાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમનું આયોજન થયું હતું. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષક નારાયણદાસ બી. પટેલે કર્યું હતું તેમજ શાળાના શિક્ષક પ્રકાશભાઈ પટેલે આભારવિધિ કરી હતી.

એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૩૧

એસ.જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાઈમરી સ્કૂલનો વાર્ષિક રમતોત્સવ તા. ૩૧-૧૨-૨૦૧૬ના રોજ સેક્ટર-૧૫ના સાઈ ફૂટબોલ મેદાન ખાતે દબદબાભેર ઉજવાયો હતો. શાળાના ધોરણ – ૧ થી ૮ના વિદ્યાર્થીઓ માટે યોજાયેલા રમતોત્સવમાં પરેડ, વિવિધ દોડ, ડંબેલ્સ, એરોબિક્સ, દેડકા દોડ, વેજીટેબલ રેસ , લીંબુ ચમચી, બૂક બેલેન્સ રેસ, હરડલ્સ, હાઈજમ્પ, ગોળાફેંક, કોથળાદોડ, રિલે રેસ, રસ્સાખેંચ વગેરે રમતો આમંત્રિત મહેમાનો સામે યોજાઈ હતી. વિજેતા ખેલાડીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમ સાથે પ્રમાણપત્ર અને મેડલ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

વાર્ષિક રમતોત્સવની શરૂઆત ૩૧મી ડિસેમ્બર સવારે ૮.૦૦ કલાકે સાઈ ફૂટબોલ મેદાનમાં ધોરણ–૧ થી ૮ના ખેલાડી વિદ્યાર્થીઓ સાથે પ્રતિજ્ઞા વાંચનથી થઈ હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન હેંડબોલ કોચ ધ્રુમાલ સર, ફૂટબોલ કોચ સોલંકી સર, મ્યુનિસિપલ કોર્પોરેટર કાર્તિક પટેલ, સર્વ વિદ્યાલયના ચેરમેન સરદારભાઈ સાહેબ, નર્સિંગ કોલેજના ડાયરેકટર વ્યાસ સાહેબ આચાર્યા શ્રીમતી મિલી સિંહે દીપ પ્રાગટય કર્યું હતું. ત્યારબાદ રેડ હાઉસ, બ્લ્યુ હાઉસ, ઓરેંજ હાઉસ, ગ્રીન હાઉસ, યલ્લો હાઉસના ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓની દેડકા દોડ, વેજીટેબલ દોડ, લીંબુ ચમચી, બૂક બેલેન્સ દોડ, ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, ૪૦૦ મીટર , ૮૦૦ મીટર દોડ, રિલે દોડ, રસ્સા ખેંચ, લાંબી કુદ, ડંબેલ્સ અને ગોળા ફેંક યોજાઈ ગઈ હતી. રમતોની મજા દરેક વિદ્યાર્થીએ તાળીઓના ગડગડાટથી લીધી હતી અને વિજેતા ખેલાડીઓને શાળા પરિવારે અભિનંદન આપી તેમનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર રમતોત્સવમાં મુખ્ય મહેમાન ધ્રુમાલ સર, ચંદ્રશેખર સોલંકી સર, મ્યુનિસિપલ કોર્પોરેટર કાર્તિક પટેલ, સર્વ વિદ્યાલયના ચેરમેન સરદારભાઈ સાહેબ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આચાર્યા તેમજ મહેમાનશ્રીએ બાળક ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

શાળાના વાર્ષિક રમતોત્સવમાં ગ્રીન હાઉસના ખેલાડીઓએ સૌથી વધુ પોઈન્ટ મેળવી પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. વિજેતા ગ્રુપને શિલ્ડ આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

અવસાન નોંધ

નિવૃત્ત સંયુકત સચિવ જીએડી, ઈંદ્રવદન હરિહરભાઈ જાની (આઈ.એચ. જાની)ના ધર્મપત્ની સ્વ. જશુમતીબેનનું બેસણું તા. ૧-૧-૧૭, રવિવારના રોજ બપોરે ૧ થી ૫ કલાક દરમિયાન સમસ્ત બ્રહ્મસમાજ ભવન હોલ, રંગમંચ પાછળ, સે-૧૬, ગાંધીનગર ખાતે રાખેલ છે.

ચિરવિદાય

- સ્વ. રમણભાઈ કચરાલાલ વ્યાસ, ઉ.વ. ૭૪
- સ્વ. મેનાબેન રણછોડભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૦
- સ્વ. કિરીટસિંહ નવલસિંહ સોલંકી, ઉ.વ. ૫૦
- સ્વ. ભૂપતભાઈ ભૈજીભાઈ લુહાર, ઉ.વ. ૫૦